જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૩૦/૧૦/૨૦૧૪ ગુરૂવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધીધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૬૭૩/૧૪**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૮ કેસ કરી ૨૫ વ્યક્તિઓને ઝડપી, ૫૮ લીટર દેશી દારૂ, ૪૨૯ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૧૨ બિયર ટીન, ૧ કાર અને ૧ ઓટોરીક્ષા કબજે કરી હતી.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૬૭૪/૧૪**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૬૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.તેમજ પ્રોહિ ૯૩ મુજબ ૦૪ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**અપહરણઃ-** **સમાચાર યાદી નં.૨૬૭૫/૧૪**

**માધવપુરા :** છગનસિંહ ભારતસિંહ રાજપુત (રહે.છોટાલાલની ચાલી, હકીમની ખડકી પાસે, દિલ્હી દરવાજા બહાર) એ તા.૨૯/૧૦/૧૪ નારોજ માધવપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે માહે ૫/૧૪ માં પોતાના પુત્ર લક્ષ્મણસિંહ (ઉ.વ.૧૫) નું અજાણી વ્યક્તિ અપહરણ કરી લઈ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી સી.એફ.વસાવા ચલાવે છે.

**શહેરકોટડા :** હલીમાબીબી અબ્દુલવાહીદ અન્સારી (રહે.વોરાના રોજાની પાસે, અમદુપુરા) એ તા.૨૯/૧૦/૧૪ નારોજ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૫/૧૦/૧૪ ના કલાક ૧૦/૩૦ થી ૧૧/૦૦ વાગ્યા દરમ્યાન ઘર નજીકથી આરોપી પરવેઝઆલમ શૈફુલહક (જેના પુરા નામ સરનામાની ખબર નથી) પોતાની પુત્રી શગુફતા ખાતુન (ઉ.વ.૧૪) ને લલચાવી ફોસલાવી લગ્ન કરવાની લાલચ આપી, જારકર્મ કરવાના ઇરાદે ભગાડી લઈ ગયો છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી ડી.ડી.ગોહીલ ચલાવે છે.

**ગોમતીપુર :** મીનાક્ષીબેન હર્ષદભાઇ બ્રહ્મભટ્ટ (રહે. વિવેકાનદની મીલ કમ્પાઉંડ,રામીની ચાલીની સામે, ગરીબ આવાસ યોજનાના મકાનમાં, ગોમતીપુર) એ તા.૨૯/૧૦/૧૪ નારોજ ગોમતીપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૮/૧૦/૧૪ ના કલાક ૭/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘર નજીક રહેતો આરોપી સુનીલ ઉર્ફે સુરેન્દ્રભાઇ વર્મા પોતાની પુત્રી હીરલ (ઉ.વ.૧૭) ને લલચાવી ફોસલાવી લગ્ન કરવાની લાલચ આપી, જારકર્મ કરવાના ઇરાદે ભગાડી લઈ ગયો છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી ડી.એચ.દેસાઇ ચલાવે છે.

**<u>વાહન ચોરી :-</u>** **<u>સમાચાર યાદી નં.૨૬૭૬/૧૪</u>**

**નારણપુરા :** અપુર્વ સુરેશભાઇ પરીખ (રહે.જલધારા-૩, ડેન્ટલ કોલેજ પાસે, મણીપુર, બોપલ) એ તા.૭/૧૦/૧૪ રાતનાં ૯/૩૦ વાગે સરદાર પટેલ બાવલા પાસે આવેલ હોસ્પીટલ સામે પોતાની અલ્ટો કાર નંબર જીજે.૧.એચ.કે.૩૬૮૭ કિંમત રૂપિયા ૧,૦૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી તા.૮/૧૦/૧૪ સવારનાં ૧૦/૦૦ વાગ્યા દરમ્યાન થઇ હતી. આ અંગેની ફરીયાદ અપુર્વ પરીખે તા.૨૯/૧૦/૧૪ નારોજ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જી.એમ.ગોહેલ ચલાવે છે.

**<u>અપમૃત્યુ :-</u>** **<u>સમાચાર યાદી નં.૨૬૭૭/૧૪</u>**

**વટવા :** રાકેશભાઇ પિતાઇ (ઉ.વ.૨૫)(રહે.ગફુરભાઇ રબારીની ચાલી, નવી વસાહત, જશોદાનગર) તા.૨૯/૧૦/૧૪ બપોરનાં ૧/૨૦ વાગ્યાના સુમારે પીપળજ ગામ, જીદાલ કંપનીમાં પતરાનું કામ કરતાં હતા ત્યારે જમીન ઉપર પટકાઇ ગયા હતા. સારવાર અર્થે તેમને એલ.જી. હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન સાંજનાં ૭/૧૫ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ. શ્રી નરેન્દ્રસિંહ ખુમાનસિંહ ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૬૭૮/૧૪</u>**

**બાપુનગર :** જસુભાઈ દુધાભાઈ ચાવડા (ઉ.વ.૪૫)(રહે.શાસ્ત્રીનગર, ઉમંગ ફ્લેટની સામે બાપુનગર) એ કોઈ કારણસર તા.૨૯/૧૦/૧૪ નાં કલાક ૯/૩૦ વાગ્યાના સુમારે મકાનના છત ભાગે હુકમા સાડી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી છે. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ઘનશ્યામભાઈ ભલાભાઈ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.